Surat Municipal Corporation
e-Magazine
Issue 37
Feb. 3, 2006



## સુરત મહાનગરપાલિકાના પટાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

તા.૨૬મી જાન્યુઆરી ૨૦૦૬ના રોજ ભારત દેશના ૫૭માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકાના પટાંગણમાં મેયર ડો. કનુભાઈ માવાણીના વરદ્‌હસ્તે સવારે ૧૦–૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાંસગિક પ્રવચન કરતાં મેયર ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે બંધારણના ઘડતરમાં છેવાડાના લોકોને જનપ્રવાહમાં સામેલ કરવા માટે ૧૦ વર્ષ સુધી અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ ઘણાં જ દુઃખ સાથે જણાવવાનું આજે દેશ આઝાદ થયાને ૫૬ વર્ષ પછી પણ આ પ્રથા ચાલુ રાખવામાં આવી છે. જે અંગે ફરીથી બંધારણની સમીક્ષા કરવાનો સમય પાકી ગયો છે. બંધારણમાં ફકત હકકો પ્રત્યે જ જાગૃતિ રાખવામાં આવેલ છે જયારે ફરજ પ્રત્યે જાગૃતિ બતાવવામાં આવેલ નથી. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ગાંધીનિર્વાણ દિને શ્રધ્ધાંજલિ

સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૬ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીપ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી....



વધુ માટે કલીક કરો >>>>>>


## મ્યુનિ. કમિ. પંકજ જોષી અને બે નાયબ કમિશ્નરો ઘાના તથા લંડનના વિદેશ પ્રવાસે

મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસીંહ ઝાલા અને ડે. કમિશ્નર (જન.) શ્રી કંદર્પ મહેતા તા. ૨૯ જાન્યુ. થી ૧૦ ફેબ્રુઆરી સુધી ઘાના તથા લંડન (યુ.કે.)ની ૧૩ દિવસીય મુલાકાતે પ્રયાણ કરેલ છે.

સુરત મનપાની આર્થિક સધ્ધરતાને પગલે કોઈ દેશ દ્વારા માર્ગદર્શન માટે સ્થાનિક સ્વરાજની ટીમને બોલાવવામાં આવે એ સુરત માટે સિધ્ધિ તથા ગૌરવની બાબત છે......

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના પટાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી



તા.૨૬મી જાન્યુઆરી ૨૦૦૬ના રોજ ભારત દેશના ૫૭માં પ્રજાસત્તાક દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકાના પટાંગણમાં મેયર ડો. કનુભાઈ માવાણીના વરદ્હસ્તે સવારે ૧૦–૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાંસગિક પ્રવચન કરતાં મેયર ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે બંધારણના ઘડતરમાં છેવાડાના લોકોને જનપ્રવાહમાં સામેલ કરવા માટે ૧૦ વર્ષ સુધી અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ ઘણાં જ દુઃખ સાથે જણાવવાનું આજે દેશ આઝાદ થયાને ૫૬ વર્ષ પછી પણ આ પ્રથા ચાલુ રાખવામાં આવી છે. જે અંગે ફરીથી બંધારણની સમીક્ષા કરવાનો સમય પાકી ગયો છે. બંધારણમાં ફકત હકકો પ્રત્યે જ જાગૃતિ રાખવામાં આવેલ છે જયારે ફરજ પ્રત્યે જાગૃતિ બતાવવામાં આવેલ નથી. બંધારણની કલમોમાં પ્રાથમિક શિક્ષણ પાછળ બજેટના ૬% જેટલો ખર્ચ હોવો જોઈએ. તેની જગ્યાએ ફકત ૩% જેટલો જ ખર્ચ કરવામાં આવે છે. વિશ્વમાં સૌથી વધુ બુધ્ધિ ધન ભારત ના નાગરીકો પાસે છે. તેના માટે જરૂર છે શિક્ષણ પર ભાર મુકવાની. જો દેશના સમગ્ર નાગરીકો શિક્ષિત હોય તો વિશ્વના કોઈ પણ દેશ કરતા ભારતનો વિકાસ વધુ થાય તેમાં કોઈ શંકા નથી. તેમણે ઉપસ્થિત રહેલા સર્વને અનુરોધ કર્યો હતો કે સર્વ જણ પોતે આ સંસ્થાના વિકાસ માટે શું કરી શકે તે અંગે વિચારી પોતાનું યોગદાન આપવા અથાગ પ્રયત્ન કરવા જોઈએ. સુરત મહાનગરપાલિકાથી જ આ શુભ શરૂઆત કરવામાં આવે તો રાજય કક્ષાએ તેમજ રાષ્ટ્રીય સ્તરે પણ ક્રાંતિકારી વિકાસ થઈ શકે તેમ છે.

ધ્વજવંદન કાર્યક્રમ બાદ મા. મેયરશ્રીના હસ્તે જુદા જુદા ક્ષેત્રમાં વિરલ સિધ્ધિઓ હાંસલ કરનાર શહેરના યુવાનો/યુવતીઓનું સન્માન પત્ર તેમજ સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવેલ. સન્માનીતાંની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | નામ/હોદ્દો | ક્રમ | નામ/હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી ચિંતન ડી. પરમાર | ૫ | કુ. હીમાની એન. ડુગ્ગર |
| ૨ | શ્રી વિનોદ જે. બામણીયા | ૬ | કુ. સહાના એ. અન્સારી |
| ૩ | કુ. સુહાની એચ. કોરડીયા | ૭ | શ્રી અંશુલ કે. કોઠારી |
| ૪ | શ્રી ચિરાગ કે. ઠકકર | ૮ | શ્રીમતી સ્મૃતિ ડી. પટેલ |

ધ્વજવંદન પ્રસંગે ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી પંકજ જોષી, તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા માજી મેયરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહયા હતાં.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ગાંધીનિર્વાણ દિને શ્રધ્ધાંજલિ

**સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૬ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીપ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક શાળાના ભુલકાઓએ શૌર્ય અભિનય ગીત તેમજ સત્યસાંઈ સેવા સમિતિના ભજનિકોએ ભજનોની સુંદર રજૂઆત કરી હતી.**



TOP

## મ્યુનિ. કમિ. પંકજ જોષી અને બે નાયબ કમિશ્નરો ઘાના તથા લંડનના વિદેશ પ્રવાસે

મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસીંહ ઝાલા અને ડે. કમિશ્નર (જન.) શ્રી કંદર્પ મહેતા તા. ૨૯ જાન્યુ. થી ૧૦ ફેબ્રઆરી સુધી ઘાના તથા લંડન (યુ.કે.)ની ૧૩ દિવસીય મુલાકાતે પ્રયાણ કરેલ છે.

સુરત મનપાની આર્થિક સધ્ધરતાને પગલે કોઈ દેશ દ્વારા માર્ગદર્શન માટે સ્થાનિક સ્વરાજની ટીમને બોલાવવામાં આવે એ સુરત માટે સિધ્ધિ તથા ગૌરવની બાબત છે.

આ અંગે કમિશ્નરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે, આ મુલાકાત માટે સુરત આજે શું છે? વિષય આધારિત પ્રેઝન્ટેશન ઉપરાંત અન્ય ૩ મહત્વનાં પ્રેઝન્ટેશન પણ આ મુલાકાત દરમ્યાન ઘાના ખાતે રજુ કરવામાં આવશે. ફાયનાન્સ મેનેજમેન્ટ એન્ડ રીસોર્સ મોબીલાઈઝેશન, આઉટસોર્સીગ એન્ડ પ્રાઈવેટાઈઝેશન ઓફ મ્યુ.કોર્પોરેશન (કોન્ટ્રાકટ પધ્ધતિ તથા ખાનગીકરણ) ઉપરાંત વિઝન ૨૦૨૦નો રાજય સરકાર પ્રેરીત પ્રોજેકટ સહિતનાં ત્રણ પ્રેઝન્ટેશનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તદઉપરાંત નાણાંકીય વ્યવસ્થાપન ઘાનાની ભૌતિક અને ભૌગોલિક પરિસ્થિતને ધ્યાને લેતા કેટલી હદે શકય છે. એનું નિરીક્ષણ–પરીક્ષણ કરવા માટે એક પ્રશ્ન બેંક પણ તૈયાર કરવામાં આવી છે.

કોમનવેલ્થ લોકલ ગવર્નમેન્ટ ફોરમની સ્કીમ હેઠળ બરો ઓફ હેમ્પશાયર (લંડન), વાસા એમેન્ટી (ઘાના) તથા સુરત મનપાની ભાગીદારીમાં થઈ રહેલ કાર્યક્રમ અંતર્ગત આ ટીમ સર્વપ્રથમ લંડન પહોંચશે. તા. ૩ ફેબ્રુઆરી સુધી લંડન રોકાણ અને પ્રોજેકટની સમજણ બાદ ચોથી ફેબ્રુઆરીએ ઘાનાની વાસા એમેન્ટી એસેમ્બલી ખાતે પહોંચીને નાણાંકીય વ્યવસ્થા તથા નવા આવકનાં સ્ત્રોતોનું સર્જન વિષયે સમગ્ર રોકાણ દરમ્યાન માર્ગદર્શન પુરૂ પાડશે.

TOP